| | | | |
|---|---|---|---|
| આંકઃ– | ૧૨૬/બી | | |
| દાખલ થયા તારીખઃ | ૦૭–૦૫–૨૦૧૩ | | |
| રજીસ્ટરે લીધા તારીખઃ | ૦૭–૦૫–૨૦૧૩ | | |
| નિકાલ થયા તારીખઃ | ૨૪–૦૪–૨૦૨૬ | | |
| સમયગાળોઃ | વર્ષ | માસ | દિવસ |
| | ૧૨ | ૧૧ | ૧૭ |

---

## ના.શ્રી બીજા અધિક સીનીયર સીવીલ જજ સાહેબની કોર્ટમાં, મુ.અંજાર–કચ્છ

---

**રે.દિ.દાવા નં.૧૧૪/૨૦૧૩**

**ગજુભા રવુભા જાડેજા,**
ઉ.વ.આ.૩૮,ધંધો: ખેતી,
રહે.વરસામેડી, તા.અંજાર–કચ્છ. **...વાદી.**

**વિરુધ્ધ**

**(૧) ગુજરાત સરકાર**
તે સચિવશ્રી, મહેસુલ વિભાગ
સચિવાલય, ગાંધીનગર મારફતે
**(૨) કલેકટરશ્રી, કચ્છ.**
કલેક્ટરશ્રીની કચેરી, ભુજ (કચ્છ)
**(૩) મદદનીશ કલેકટરશ્રી,**
મધ્યસ્થ કચેરી,જીમખાના, અંજાર(કચ્છ)
**(૪) તલાટીશ્રી,**
વરસામેડી, તા.અંજાર–કચ્છ. **...પ્રતિવાદીઓ.**

-----------------------------------
**દાવોઃ જાહેરનામું, આદેશાત્મક મનાઈહુકમ તથા આનુષાંગીક દાદ મળવનો.**

-----------------------------------
**વાદી તરફે વિ.વકીલશ્રીઃ વાય.કે.પોટા**
**પ્રતિવાદીઓ તરફે વિ. એ. જી.પી.શ્રીઃ એ. પી. પંડયા**

-----------------------------------

**-: ઠ રા વ :-**

**દાવાની ટુંકમાં હકીકતઃ-**

(૧) વાદીના દાવા અરજીની ટુંકમાં હકીકત એવી છે કે, વાદી વરસામેડીના સ્વ.રવુભા ગગુભા જાડેજાના પુત્ર તેમજ વારસ છે અને કાયદેસરના પ્રતિનિધિઓ પૈકીના છે. વાદીના પિતા સ્વ.ગગુભા જાડેજા મોજે વરસામેડીના જુના સર્વે નં.૬૭૬ પૈકી એકર ૨૨-૨૭ ગુંઠાવાળી જમીન કે જે ઉત્તરોતર દસ્તાવેજોથી સોરઠીયા ભુરા મેપાને અઘાટ માલીકી હક્કે અને પ્રત્યક્ષ કબ્જે આવેલી તે તા.૧૭/૦૨/૧૯૭૭ વાળા અને સબ-રજીસ્ટ્રારશ્રી અંજારની કચેરીમાં તે રોજ અનુ.નં.૩૧૧ થી નોંધાયેલા વેચાણ દસ્તાવેજથી અઘાટ વેંચાણ મેળવી પ્રત્યક્ષ કબ્જે મેળવેલ હતી. વાદીના પિતા મુળ પુરુષ જાડેજા અજુજી બાવાજીના પુત્ર સુમરાજી અને સુમરાજીના પુત્ર ગગુભા હતા જે રીતે ઉત્તરોતર ગગુભાના વારસ પુત્ર તરીકે આ મિલકત વાદીના પિતાને એકલાને ભાગે મૌખિક વહેચણીમાં આવેલી હતી.

વધુમાં વાદી પોતાની દાવા અરજીમાં જણાવે છે કે, સને-૧૯૬૦ ના અરસાના સમયે થયેલ પ્રમોલગેશન સમયે આ મિલકત પ્રથમ વાદીના પિતાને વેંચનારના પુર્વ માલિક નંદવાણા પાઠક પ્રભુલાલ પ્રાણજીવન તેમજ વાદીના પિતાને વેંચનાર હડીયા ભુરા મેપાને નામે નોંધવામાં આવેલ હતી. પરંતુ સને-૧૯૭૬ ની આજુબાજુ પ્રમોલગેટ કરવામાં આવેલ રેવન્યુ રેકર્ડમાં આ મિલકત તે જૂના સર્વે નં.૬૭૬/૧ તથા ૬૭૬/૨ વાળાના અલગ અલગ ભાગ થયેલા જેને અલગ અલગ નવા સર્વે નંબર આપવામાં આવેલ જે પૈકી આ દાવાવાળો વાદગ્રસ્ત ભાગ કે જેને સર્વે નં.૭૮૫ આપી તેનું ક્ષેત્રફળ હેક્ટર

નક્કી કરવામાં આવેલ તેમા વાદીના પિતાને વેંચનાર કે ત્યારબાદ વાદીના સ્વ.પિતાનો હક્ક અને કબ્જો હોવા છતાં આ નવા સર્વે નં.૭૮૫ વાળી મિલકત તેઓના નામે નોંધવામાં આવેલ ન હતી. ગામના નમુના નં.૭/૧૨ પૈકી ૧૨ માં તેઓનો કબ્જો નોંધવામાં આવેલ છે.

વધુમાં વાદી પોતાની દાવા અરજીમાં જણાવે છે કે, આ મિલકત કોઈપણ સમયે સરકારી માલીકી કે કબ્જાની ન હતી. સરકાર તરફથી એટલે કે પ્રતિવાદી નં.૧ વાળા તરફથી તૈયાર કરવામાં આવેલ સર્વ પ્રથમ રેકર્ડમાં પણ આ મિલકત ખાનગી માલીકીની એટલે કે વાદીના પિતાના પર્વ માલીકીની હોવાનું નોંધવામાં આવેલ છે. પરંતુ પ્રતિવાદી નં.૧ ના તાબાના અધિકારીઓ તરફથી કરવામાં આવેલ હક્ક ચોક્સી સમયે ધ્યાન દોરવા છતાં તેમજ વર્ષો વર્ષ પ્રતિવાદી નં.૪ વાળા તરફથી કબ્જા બાબતની સ્પષ્ટપણે નોંધ કરવામાં આવેલ હોવા છતાં વાદીના પિતા સ્વ.રવુભા ગગુભા જાડેજાના હક્કને રેકેગ્નાઈઝ કરવામાં આવેલ નથી.

વધુમાં વાદી પોતાની દાવા અરજીમાં જણાવે છે કે, પ્રતિવાદી નં.૧ વાળાના તાબાના અધિકારીઓ તરફથી રાખવામાં આવતુ રેકર્ડ કે જે ઉપરની હકીકત ભુલ ભરેલ છે તેની સુધારણા માટે પ્રતિવાદી નં.૩ વાળા સમક્ષ કે જેઓને બોમ્બે લેન્ડ રેવન્યુ કોડ ૧૮૭૯ ની કલમ–૧૩૫–એલ ની જોગવાઈઓ તળે સત્તા મળેલ હોય તેમની સમક્ષ સને–૨૦૦૬ ની સાલે અરજી કરવાં આવેલ આ અરજી પરથી પ્રતિવાદી નં.૩ વાળા તરફથી જ.મ. કા.૧૩૫–એલ તળે અપીલ નં.૨/૨૦૦૭ વાળુ પ્રકરણ રજીસ્ટરે લઈ કાર્યવાહી શરૂ કરવામાં આવેલ હતી પરંતુ સંપુર્ણ કાગળો રજુ કરેલ હોવા છતાં યોગ્ય પુરાવાની તક આપ્યા સિવાય ક્રિપ્ટીક ઓર્ડર તા.૧૯/૦૨/૨૦૦૯ વાળાથી પ્રતિવાદી નં.૩ તરફથી અરજી નામંજુર કરવામાં આવેલ હતી. ઉપરોક્ત હુકમથી નારાજ થઈ વાદીના સ્વર્ગસ્થ પિતાએ પ્રતિવાદી નં.૨ વાળા સમક્ષ ઉપરોક્ત હુકમને પડકારેતા પ્રતિવાદી નં. ૨ વાળા તરફથી જમીન મહેસુલ નિયમોના નિયમ ૧૦૮(૬) તળે કેસ નં.૭૨/૨૦૧૦ રજીસ્ટરે

લેવામાં આવેલ અને પ્રતિવાદી નં.ર તરફથી પણ તદ્દન ખોટા અને ઈરરીલેવન્ટ કારોસર સદરહું રીવીઝન અરજી તા.૨૦/૦૮/૨૦૧૨ ના રોજ નામંજુર કરતો હુકમ પસાર કરેલ. પ્રતિવાદી નં.૨,૩ વાળા દ્વારા તદ્દન માઈન્ડ એપ્લાય કર્યા સિવાય તેમજ કોઈપણ પ્રકારની ન્યાયીક તક આપ્યા સિવાય માંગણી નામંજુર કરવામાં આવેલ અને દાવાવાળી મિલકત સરકારી હોવાની માન્યતા ધરાવતા હુકમો પસાર કરવામાં આવેલ હોવાનું સ્પષ્ટ અને દેખીતુ છે.

**દાવાનું કારણઃ—**

આ દાવાનું કારણ દાવા અરજીની ઉપરોક્ત સમગ્ર વિગતે વાદીની અવાર નવા રજુઆત, લીગલ નોટીસ વગેરે પરત્વે કોઈ કાર્યવાહી પ્રતિવાદી નં.૧ થી ૪ વાળા તરફથી નહી કરવામાં આવતા દાવાનું કારણ ઉત્પન્ન થયેલ છે અને સતત ચાલુમાં છે તેમ જણાવેલ છે.

**દાવાની દાદઃ—**

વાદીએ દાવા અરજીના પેરા ૧૨ માં નીચે મુજબની દાદ માંગેલ છે.

**(અ)** દાવાવાળી મિલકત—ખતીની જમીન તે મોજે વરસામેડી, તા.અંજાર (કચ્છ) ની સીમમાં આવેલ નવા સ.નં.૭૮૫ ક્ષેત્રફળ હે.૪—૫૭—૩૦ વાળી મિલકત કે જે વાદીના પિતાએ વેંચાણ મેળવેલી અને તે રીતે તેઓની અઘાટ માલીકી અને પ્રત્યક્ષ કબ્જા તથા જાત ખેડ તળે આવેલી મિલકત હોવાનું ઠરાવી—જાહેક કરી આ મિલકત બાબતે પ્રતિવાદી નં.૨ તથા ૩ વાળા તરફથી કરવામાં આવેલ હુકમો ખરા કે કાયદેસરના ન હોવાનું ઠરાવી આ મિલકત બાબતે તૈયાર કરવામાં આવેલ નવા પ્રમોલગેશનનું દફતર ભૂલભરેલું હોવાનું તેમજ વાદીના પિતાની નામ દાખલ કરવાની માગણી મંજૂર કરવાપાત્ર હોવાનું ઠરાવી આપતા જાહેરનામું હુકમનામું, ફરમાવવા, તથા

**(બ)** દાવાવાળી મિલકત તે નવા સર્વે નં.૭૮૫ વાળીનો ઉપરોક્ત ખોટા, ગેરકાયદેસરના અને અસર વગરના રેકર્ડને હુકમોને આગળ ધરીને અથવા અન્ય રીતે પ્રતિવાદીઓ જાતે, તેમના કર્મચારીઓ, અધિકારીઓ,નોકરો

કાયદેસરના પ્રતિનિધિઓ કે અન્ય કોઈપણ મારફતે વાદીનો માલિકી ધોરણે આવેલો કબ્જો છીનવી કે ધસે ધસાવે નહી, કબ્જો ભોગવવામાં હરકત અંતરાય કે રૂકાવટ કરે કરાવે નહી તેવા કાયમી મનાઈહુકમનું હુકમનામું વાદીની તરફેણમાં ફરમાવવા તથા,

**(સી)** દાવાવાળી મિલકત તે નવા સર્વે નં.૭૮૫ વાળીના રેવન્યુ રેકર્ડમાં સુધારો કરવાની માંગણી મંજૂર કરવાપાત્ર હોવાનું ફરમાવી પ્રતિવાદીઓ વાદી નું નામ રેવન્યુ રેકર્ડમાં નોંધે અને તે રીતે ભૂલ સુધારણા કરી આપે તેવા આદેશાત્મક મનાઈહુકમનું હુકમનામું વાદીની તરફેણમાં ફરમાવવા, તથા

**(ડી)** આ દાવાનું સઘળુ ખર્ચ વાદીને પ્રતિવાદીઓ કે તેઓ પૈકી કોઈપણ જવાબદારી પ્રતિવાદી પાસેથી અપાવતું હુકમનામું ફરમાવવા, તથા

**(ઈ)** ન્યાયના હિતમાં ઉપરોક્ત દાદને આનુષાંગિક તથા યોગ્ય જણાય તેવા તમામ હુકમનામા તથા હુકમ ફરમાવવા અરજ છે.

**પ્રતિવાદીઓનો જવાબઃ–**

**(૨)** આ કામના પ્રતિવાદીઓને સમન્સ– નોટીસ બજી જતા પ્રતિવાદી નં.૧ થી ૩ તરફે વિ. એ. જી. પી. મારફત આંક–૯૯ થી દાવા જવાબ રજુ કરવામાં આવેલ છે અને જેમાં તેમને દાવા તથા દાવા અરજીની મોટાભાગની હકીકતનો ઈન્કાર કરેલ છે અને વાદીએ પોતાનો ઉદ્દેશ પુરાવાથી સાબિત કરે તેવી તકરાર ઉઠાવેલ છે જવાબમાં ખરી હકીકતે જણાવે છે કે, મોજે વરસામેડી તા.અંજાર ગામે તા.૨૪/૦૭/૧૯૬૨ ના રોજ નાયબ કલેક્ટરશ્રી અંજાર દ્વારા પ્રમોલગેટ કરતા હક્કપત્રક ગામમ નમુના નં.૬ અમલમાં આવેલ છે તથા તે મુજબના ગામ નમુના નંબર ૭/૧૨ અમલી થયેલ.

વધુમાં પ્રતિવાદી નં.૧ થી ૩ નાઓ તેમના જવાબમાં ખરી હકીકતે જણાવે છે કે, સદર હકકપત્રકની વિગતો ધ્યાને લેતાં જુના સ.નં.૬૭૬/૧ તથા ૬૭૬/૨ એમ બે સર્વે નંબરો દાખલ થયેલ. હકકપત્રેક દાખલ નોંધ નંબર ૧૯૨ મુજબ પ્રભુલાલ પ્રાણજીવન પાઠક વારસમેડી જુના વખતથી

ખાલસા ધારણ કરનાર હોઈ સ.નં.૬૭૬/૧ એકર ૮–૦૦ નોંધાયેલ તથા તે મુજબના ગામ નમુના નં.૭/૧૨ બનેલ. ત્યારબાદ સદર ઠામનું વેચાણ થતાં તે મતલબની નોંધ નંબર ૯૬૨ દાખલ થયેલ. જે મુજબ હડીયા ભુરા મેપાએ પ્રભુલાલ પ્રાણજીવન પાસેથી સ.નં.૬૭૬/૧ વાળું ખેતર રૂ.૭૦૦/– માં અઘાટ વેચાણ રજી.દસ્તાવેજ નં.૭૩૭ તા.૧૩–૮–૬૮ થી વેચાણ રાખતાં નોંધ દાખલ થયેલ તથા સક્ષમ અધિકારીશ્રી દ્વારા મંજૂર કરવામાં આવતાં તેની અસર ગામ નમુના નં.૭/૧૨ માં આવેલ. હકકપત્રકે દાખલ નોંધ નંબર ૩૮૬ મુજબ શ્રી સરકાર ખાલસા તરીકે નોંધાયેલ છે. સદર નોંધમાં ગામના અન્ય શ્રી સરકાર હસ્તકના સર્વે નંબરો નોંધાયેલ છે. હકકપત્રક ભાગ–૨ ના પાના નં.–૪,૫૨ સ.નં.૬૭૬/૨ નોંધાયેલ છે. આમ, માત્ર જુના સ.નં.૬૭૬/૧ વાળી જ માલિકીની જમીન આવેલ. સ.નં. ૬૭૬/૨ વાળી જમીન એકર ૧૪– ૨૭ ગુંઠા સરકારશ્રીની પ્રત્યક્ષ માલિકીની તથા સરકારશ્રીના કબ્જા હસ્તક જ રહેલ છે.

વધુમાં પ્રતિવાદી નં.૧ થી ૩ નાઓ તેમના જવાબમાં ખરી હકીકતે જણાવે છે કે, ત્યારબાદ સને–૧૯૭૦ માં નવેસરથી માપણી કરી જુના હકકપત્રકને બંધ કરી તેને સ્થાને નવું હકકપત્રક અમલમાં મુકવામાં આવેલ છે. સદર પ્રમોલગેશન દરમ્યાન જુના સ.નં.૬૭૧/૧ ૮–૦૦ એકર સામે નવા ૨ સ.નં.૭૮૩ એકર ૮–૨૭ ગુંઠા તથા ૭૮૪ એકર ૦–૩૩ ગુંઠા ભૂરા મેપા સોરઠીયાના નામે કાયમ થયેલ તથા જુના સ.નં.૬૭૨/૨ એકર ૧૪–૨૭ ગુંઠા સામે નવા સ.નં.૭૮૫ એકર ૧૧–૧૨ કાયમ થયેલ તથા ભુરા મેપા તરફથી દબાણ મુજબની નોંધ થયેલ. જે અંગેની નોંધ નંબર ૪૬૨ દાખલ થયેલ છે. સદર નોંધમાં ગામના અન્ય શ્રી સરકાર હસ્તકના સર્વે નંબરો નોંધાયેલ છે. જેના કુલ–૯ પૈજ પૈકી પેજ નં.૬ ઉપર સ.નં.૭૮૫ નોંધાયેલ છે.દાવાવાળી મિલ્કત સને–૧૯૬૨થી અમલમાં મુકાયેલ હકકપત્રક થી આજ દિન સુધી સરકારશ્રીની માલિકીની હસ્તકની નોંધાયેલ છે.

વધુમાં પ્રતિવાદી નં.૧ થી ૩ નાઓ તેમના જવાબમાં ખરી હકીકતે

જણાવે છે કે,વાદી દ્વારા મદદનીશ કલેકટર કચેરી સમક્ષ દાખલ જ.મ.કા. ક.૧૩૫–એલ હેઠળ કરવામાં આવેલ અપીલ દરમ્યાન યોગ્ય પુરાવાની તક આપ્યા સિવાય ક્રિપ્ટીક ઓર્ડર કરેલ હોવાની દલીલ તદ્દન ખોટી છે. આ કામના વાદીના પિતાશ્રી દ્વારા સને–૨૦૦૭ માં ૧૩૫–એલ હેઠળ અરજી કરતાં મદદનીશ કલેકટર સાહેબશ્રી,અંજાર દ્વારા કેસ રજીસ્ટરે દાખલ કરી (અપીલ નં.૨/૨૦૦૭) જરૂરી મુદતો આપી સુનવણી હાથ ધરેલ છે બન્ને પક્ષોને સાંભળી રજુ થયેલ દસ્તાવેજોનું યોગ્ય મૂલ્યાંકન કરી અરજદારશ્રીની અપીલ અરજી નામંજૂર કરવામાં આવેલ છે. ત્યારબાદ વાદી દ્વારા મદદનીશ કલેક્ટર સમક્ષ ચાલી ગયેલ જ.મ.કા.ક.૧૩૫–એલ તળેના અપીલ નં.૨/ ૨૦૦૭ વાળા હુકમ સામે તા.૧૯/૦૨/૨૦૧૯ ના કલેક્ટરશ્રી કચ્છ–ભુજ સમક્ષ રિવિઝન અરજી દાખલ કરતા કેસ રજીસ્ટર (નં. સંકલન–અપીલ–રીવીઝન–જ.મ.નિ.૧૦૮(૬) તળે–કેસ નં.૭૨/૨૦૧૦) લીધેલ અને વાદી તરફે રજુ દસ્તાવેજો તેમજ મૌખિક દલીલ ગ્રાહ્ય ન રાખવા બાબતનું યોગ્ય કારણ નોંધી વાદીની રીવીજન અરજી નામંજુર કરેલ છે.

વધુમાં પ્રતિવાદી નં.૧ થી ૩ નાઓ તેમના જવાબમાં ખરી હકીકતે જણાવે છે કે,વાદી દ્વારા સને – ૧૯૬૨ તથા ૧૯૭૦ માં હાથ ધરવામાં આવેલ પ્રમોલગેશન પ્રક્રિયા સામે દાવો દાખલ કરેલ છે. નિયત સમયમાં દાદ ન માંગવા બાબતના વાજબી કારણો નામદાર કોર્ટ સમક્ષ રજુ કરેલ નથી. સી.પી.સી.ની કલમ ૮૦ હેઠળની નોટીસને દાવાનું કારણ દર્શાવી નોટીશના ઓથા હેઠળ માત્ર લીમીટિશનની જોગવાઈઓમાંથી બચવાનો પ્રયત્ન કરેલ છે. વાદી દ્વારા થયેલ ૬૦ કરતાં વધારે વર્ષના વિલંબ માટેના યોગ્ય કારણો જણાવી શકેલ નથી જેથી સમયમર્યાદાના બાધને લીધે જ દાવો રદ થવાને પાત્ર છે.

વધુમાં રેકર્ડ પ્રમોલગેશન એ જાહેર પ્રક્રિયા છે. પ્રમોલગેશન વખતે ગામમાં તેની બહોળી પ્રસિધ્ધિ કરવામાં આવે છે અને ખાતેદારોને વાંધા ઉઠાવવાનો સમય આપી આવેલ વાંધોઓના નિકાલ થયા બાદ પ્રમોલગેટ

થયેલ રેકર્ડ અમલમાં મુકવામાં આવે છે. હકકપત્રકે તા.૧૫–૧૨–૭૦ ના રોજ નોંધ થયેલ છે "ગામશ્રી વરસામેડીના નવી માપણી પ્રમોલગેશન હકકપત્રક તૈયાર કરવા માટે દાંડી પીટાવીને તથા વ્યક્તીગત બોલાવીને દરેકનો હક હિસ્સો નોંધી હકપત્રક તૈયાર કરવામાં આવેલ છે અને વાંચી સંભળાવવામાં આવેલ છે. તે બરાબર હોવાની ખાત્રી બદલ આ નીચે સહીઓ કરવામાં આવે છે તથા નીચે વરસામેડી ગ્રામ પંચાયતના સરપંચ તથા અન્ય ગામ લોકોની સહી થયેલ છે. જેથી ઉકત પ્રમોલગેશન બાદ અમલમાં આવેલ રેકર્ડને વાદીના વડીલોએ સ્વીકારેલ હોવાનું જાહેર થાય છે. ઉપરોક્ત વિગતે વાદી દ્વારા માંગેલ દાદ મળવા પાત્ર ન હોઈ વાદી દ.મ. અરજી તથા દાવા અરજી ખર્ચ સહિત નામંજુર કરવા અરજ ગુજારેલ છે.

(૩) ઉપરોક્ત પ્લીડીંગ બાદ મારા પુરોગામી ન્યાયાધીશશ્રી દ્વારા **આંક–૧૨** થી નીચે મુજબના મુદ્દાઓ ફ્રેમ કરવામાં આવેલ છે.

**–:: મુદ્દાઓ ::–**

**૧.** શું વાદી સાબિત કરે છે કે, તેઓ ગગુભા સુમરાજીના વારસ પુત્ર તરીકે દાવાવાળી જમીનના માલીકી હક્ક અને પ્રત્યક્ષ કબજે આવેલ છે ?

**૨.** શું વાદી સાબિત કરે છે કે, આ મિલકત મોરગેજની અધિકારથી ભુરા મેપાના માલીકી સ્વરુપમા રુપાતર થતા તેઓ કનેથી વાદીના પિતાએ રજીસ્ટર્ડ વ્યવહારથી આઘાટ વેચાણ હક્કથી મેળવેલ ?

**૩.** શું વાદી સાબિત કરે છે કે, આ મિલકત બાબતે પ્રતિવાદી નં.૨ તથા ૩ વાળા તરફથી કરવામા આવેલ હુકમ ખરા કે કાયદેસર નથી ?

**૪.** શું વાદી પુરવાર કરે છે કે તેઓ માંગ્યા મુજબની દાદ મેળવવા

હક્કદાર છે.

**પ.** શું હુકમ અને હુકમનામું ?

(૪) ઉપરોક્ત મુદ્દાઓના મારા નિર્ણયો કારણો સહિત નીચે મુજબ છેઃ–

(૧) નકારમાં.

(૨) નકારમાં.

(૩) નકારમાં.

(૪) નકારમાં.

(૫) આખરી હુકમ મુજબ.

(૫) આ દાવાના કામે વાદી તરફે નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છેઃ–

## (૫.૧) <u>વાદી તરફે મૌખિક પુરાવોઃ–</u>

| ક્રમ | સાહેદનું નામ | આંક |
|---|---|---|
| ૧ | વાદી ગજુભા રવુભા જાડેજાનું પુરાવાનું સોગંદનામું ઉલટતપાસ સહિત | ૨૦ |
| ૨ | વાદી તરફે સાહેદ નં.૨ જીવા કરસન રબારીનું પુરાવાનું સોગંદનામું ઉલટતપાસ સહિત | ૪૫ |
| ૪ | વાદી તરફે સાહેદ નં.૩ દિનેશ હરિલાલ ભટ્ટીનું પુરાવાનું સોગંદનામું ઉલટતપાસ સહિત | ૪૬ |
| ૫ | વાદી તરફે સાહેદ નં.૪ જયેન્દ્રસિંહ બટુકસિંહ ઉર્ફે બટુકભા જાડેજાનું પુરાવાનું સોગંદનામું ઉલટતપાસ સહિત | ૫૮ |

## (૫.૨) <u>વાદી તરફે દસ્તાવેજી પુરાવોઃ–</u>

| ક્રમ | આંક | દસ્તાવેજોની વિગત |
|---|---|---|
| ૧ | ૨૨ | મોજે વરસામેડી તા.અંજાર(કચ્છ) ખરડો નં.૧૯૫૨ /૫૩ ની ફોટો કોપી. |

| | | |
|---|---|---|
| ૨ | ૨૩ | મોજે–વરસામેડી, તા.અંજાર(કચ્છ) રે.સ.નં.૬૭૬ ના વર્ષ ૧૯૫૬–૫૭ થી ૧૯૬૧–૬૨ ના ગામ નમુના નં.૭/૧૨ ની ફોટોકોપી. |
| ૩ | ૨૪ | મોજે–વરસામેડી, તા.અંજાર(કચ્છ) ગામ નમુનો નં.૬ હક્કપત્રકની નોંધ નં.૩૮૬ ની ફોટોકોપી. તા.૦૫/૦૬/૨૦૦૯ |
| ૪ | ૨૫ | મોજે–વરસામેડી, તા.અંજાર(કચ્છ) રે.સ.નં.૬૭૬ ના વર્ષ ૧૯૬૪–૬૫ થી ૧૯૭–૭૬ ના ગામ નમુના નં.૭/૧૨ ની ફોટોકોપી. તા.૨૬/૦૬/૨૦૦૮ |
| ૫ | ૨૬ | મોજે–વરસામેડી, તા.અંજાર(કચ્છ) ના ખેતરવાર પત્રકની ફોટો કોપી, વર્ષ–૧૯૬૧ |
| ૬ | ૨૭ | મોજે–વરસામેડી, તા.અંજાર(કચ્છ) ગામ નમુના નં.૬ હક્કપત્રકની નોંધ નં.૪૬૨ ની ફોટો કોપી, તા.૨૬/૦૬/૨૦૦૮ |
| ૭ | ૨૮ | મોજે–વરસામેડી, તા.અંજાર(કચ્છ) નવા રે.સ.નં. ૭૮૫ ના ટીપ્પણની ફોટો કોપી, ૦૬/૦૪/૧૯૬૧ |
| ૮ | ૨૯ | શ્રાવણ સુદ ૮ સવંત ૧૯૨૮ ના દસ્તાવેજની ફોટોકોપી. |
| ૯ | ૩૦ | સ્વ.નંદવાણા પ્રભુલાલ પ્રાણજીવનના વારસોએ સોરઠીયા શાંખે હડીયા મેપાને કરી આપેલ રજીસ્ટર દસ્તાવેજ અનુક્રમ નં.૪૦૩ ની ફોટોકોપી. તા.૨૯/૦૩/૧૯૬૮ |
| ૧૦ | ૩૧ | સોરઠીયા શાંખે હડીયા ભુરા મેપાએ જાડેજા રવુભા ગગુભાને કરી આપેલ રજીસ્ટર દસ્તાવેજ અનુક્રમ નં.૩૧૧ ની ફોટોકોપી, તા.૧૭/૦૨/૧૯૭૭ |
| ૧૧ | ૩૨ | મદદનીશ કલેકટરશ્રી, અંજાર દ્વારા જ.મ.કા.ક. ૧૩૫–એલ તળે અરજી અપીલ નં.૨/૨૦૦૭ વાળામાં કરવામાં આવેલ હુકમની ફોટોકોપી. તા.૧૯/૦૨/૨૦૦૯ |
| ૧૨ | ૩૩ | મદદનીશ કલેકટરશ્રી, અંજાર દ્વારા જ.મ.કા.ક. ૧૩૫–એલ તળે અરજી અપીલ નં.૨/૨૦૦૭ તા.૧૯ /૦૨ /૨૦૦૯ સામે કરવામાં ઓલ રીવીઝન અરજીમાં કલેક્ટરશ્રી ભુજ દ્વારા કરવામાં આવેલ હુકમની ફોટો કોપી, તા.૨૦/૦૮/૨૦૧૨ |
| ૧૩ | ૩૪ | સ્વ.રવુભા ગગુભા જાડેજાના મરણના પ્રમાણપત્રની ખરી નકલ, તા.૦૨/૦૮/૨૦૧૧ |

*બીજા અધિક સીનીયર સીવીલ જજ,અંજાર–કચ્છ.*

| | | |
|---|---|---|
| ૧૪ | ૩૫ | સ્વ.રવુભા ગગુભા જાડેજાના વારસએ (૧) સચીવ શ્રી, મહેસુલ વિભાગ,ગાંધીનગર,(૨) કલેક્ટરશ્રી, ભુજ (૩) મદદનીશ કલેક્ટરશ્રી, અંજાર તથા (૪) તલાટીશ્રી, વરસામેડીને તેમના એડવોકેટશ્રી મારફતે બાય રજીસ્ટર પોસ્ટ.એડી.થી પાઠવેલ નોટીસની ફોટો કોપી, તા.૨૪/૧૧/૨૦૧૨ |
| ૧૫ | ૩૬ | સ્વ.રવુભા ગગુભા જાડેજાના વારસએ (૧) સચીવ શ્રી, મહેસુલ વિભાગ,ગાંધીનગર,(૨) કલેક્ટરશ્રી, ભુજ (૩) મદદનીશ કલેક્ટરશ્રી, અંજાર તથા (૪) તલાટીશ્રી, વરસામેડીને રજીસ્ટર પોસ્ટ એ.ડી. મોકલ્યાની કમીશન પાવતી, તા.૨૪/૧૧/૨૦૧૨ |
| ૧૬ | ૩૭ | પ્રતિવાદી નં.૧ ને નોટીસ મળ્યા બદલની રજી.એડી. એક્નોલેજમેન્ટ પાવતી અસલ,તા.૨૭/૧૧/૧૨ |
| ૧૭ | ૩૮ | પ્રતિવાદી નં.૨ ને નોટીસ મળ્યા બદલની રજી.એડી. એક્નોલેજમેન્ટ પાવતી અસલ,તા.૨૬/૧૧/૧૨ |
| ૧૮ | ૩૯ | પ્રતિવાદી નં.૩ ને નોટીસ મળ્યા બદલની રજી.એડી. એક્નોલેજમેન્ટ પાવતી અસલ,તા.૨૬/૧૧/૧૨ |
| ૧૯ | ૪૦ | પ્રતિવાદી નં.૪ ને નોટીસ મળ્યા બદલની રજી.એડી. એક્નોલેજમેન્ટ પાવતી અસલ,તા.૨૬/૧૧/૧૨ |
| ૨૦ | ૫૦ | મોજે વરસામેડી, તા.અંજારના ગામના નમુના નં. ૭/૧૨, રે.સ.નં.૭૮૬ ની ખરી નકલ. |
| ૨૨ | ૫૧ | મોજે વરસામેડી, તા.અંજારના ગામના નમુના નં.૮ -એ, ખાતા નં.૧૦૧૩ ની ખરી નકલ. |
| ૨૩ | ૫૨ | મોજે વરસામેડી, તા.અંજારના ગામ નમુના નં.૭/ ૧૨, રે.સ.નં.૮૩૯ ની ખરી નકલ. |
| ૨૪ | ૫૩ | મોજે વરસામેડી તા.અંજારના ગામ નમુના નં.૮-એ, ખાતા નં.૬૪૪ ની ખરી નકલ. |
| ૨૫ | ૫૪ | મોજે વરસામેડી, તા.અંજારના ગામ નમુના નં.૬ હક્કપત્રકની નોંધ નં.૪૧૪ ની ખરી નકલ. |
| ૨૬ | ૫૫ | મોજે વરસામેડી, તા.અંજારના ગામ નમુના નં.૬ હક્કપત્રકની નોંધ નં.૮૯૧ ની ખરી નકલ. |
| ૨૭ | ૫૬ | મોજે વરસામેડી, તા.અંજારના ગામ નમુના નં.૬ હક્કપત્રકની નોંધ નં.૧૯૯૧ ની ખરી નકલ. |
| ૨૮ | ૫૭ | મોજે વરસામેડી, તા.અંજારના ગામ નમુના નં.૬ |

| | | |
|---|---|---|
| | | હક્કપત્રકની નોંધ નં.૨૦૫૬ ની ખરી નકલ. |
| ૨૯ | ૭૩ | મોજે વરસામેડી તા.અંજાર(કચ્છ) ખરડો નં.૧૯૫૨ /૫૩ ની ખરી નકલ. |
| ૩૦ | ૭૪ | મોજે–વરસામેડી, તા.અંજાર(કચ્છ) રે.સ.નં.૬૭૬ ના વર્ષ ૧૯૫૬–૫૭ થી ૧૯૬૧–૬૨ ના ગામ નમુના નં.૭/૧૨ ની ખરી નકલ. |
| ૩૧ | ૭૫ | મોજે–વરસામેડી, તા.અંજાર(કચ્છ) ગામ નમુનો નં.૬ હક્કપત્રકની નોંધ નં.૩૮૬ ની ખરી નકલ. |
| ૩૨ | ૭૬ | મોજે–વરસામેડી, તા.અંજાર(કચ્છ) રે.સ.નં.૬૭૬ ના વર્ષ ૧૯૬૪–૬૫ થી ૧૯૭–૭૬ ના ગામ નમુના નં.૭/૧૨ ની ખરી નકલ. |
| ૩૩ | ૭૭ | મોજે–વરસામેડી, તા.અંજાર(કચ્છ) ના ખેતરવાર પત્રકની ખરી નકલ વર્ષ–૧૯૬૧ |
| ૩૪ | ૭૮ | મોજે–વરસામેડી, તા.અંજાર(કચ્છ) ગામ નમુના નં.૬ હક્કપત્રકની નોંધ નં.૪૬૨ ની ખરી નકલ તા.૨૬/૦૬/૨૦૦૮ |
| ૩૫ | ૭૯ | મોજે–વરસામેડી, તા.અંજાર(કચ્છ) નવા રે.સ.નં. ૭૮૫ ના ટીપ્પણની ખરી નકલ ૦૬/૦૪/૧૯૬૧ |
| ૩૬ | ૮૦ | મદદનીશ કલેકટરશ્રી, અંજાર દ્વારા જ.મ.કા.ક. ૧૩૫–એલ તળે અરજી અપીલ નં.૨/૨૦૦૭ વાળામાં કરવામાં આવેલ હુકમની ખરી નકલ, તા.૧૯/૦૨/૨૦૦૯ |
| ૩૭ | ૮૧ | મદદનીશ કલેકટરશ્રી, અંજાર દ્વારા જ.મ.કા.ક. ૧૩૫–એલ તળે અરજી અપીલ નં.૨/૨૦૦૭ તા.૧૯ /૦૨ /૨૦૦૯ સામે કરવામાં ઓલ રીવીઝન અરજીમાં કલેક્ટરશ્રી ભુજ દ્વારા કરવામાં આવેલ હુકમની ખરી નકલ, તા.૨૦/૦૮/૨૦૧૨ |
| ૩૮ | ૮૨ | સ્વ.રવુભા ગગુભા જાડેજાના વારસએ (૧) સચીવ શ્રી, મહેસુલ વિભાગ,ગાંધીનગર,(૨) કલેક્ટરશ્રી, ભુજ (૩) મદદનીશ કલેક્ટરશ્રી, અંજાર તથા (૪) તલાટીશ્રી, વરસામેડીને તેમના એડવોકેટશ્રી મારફતે બાય રજીસ્ટર પોસ્ટ.એડી.થી પાઠવેલ નોટીસની સ્થળપ્રત, તા.૨૪/૧૧/૨૦૧૨ |

આ કામે વાદી વિશેષ કોઈ પુરાવો રજુ કરવા માંગતા ન હોવાની આંક–

*બીજા અધિક સીનીયર સીવીલ જજ,અંજાર–કચ્છ.*

૧૧૧ થી પુરાવો પુરો કર્યા અંગેની ક્લોઝીંગ પુરશીશ રજુ કરવામાં આવેલ છે.

**(૬.૧)** આ દાવાના કામે પ્રતિવાદીઓ તરફથી કોઈ મૌખિક પુરાવો રજુ કરવામાં આવેલ નથી. જયારે નીચે મુજબના દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે.

**(૬.૨)** **પ્રતિવાદી તરફે દસ્તાવેજી પુરાવોઃ–**

| ક્રમ | આંક | દસ્તાવેજોની વિગત |
|---|---|---|
| ૧ | ૧૧૩ | મોજે વરસામેડી તા.અંજારના જુના હકકપત્રક નોંધ નં. ૧૯૨ ની ખરીનકલ. |
| ૨ | ૧૧૪ | મોજે વરસામેડી તા.અંજારના જુના હકકપત્રક નોંધ નં. ૯૬૨ ની ખરીનકલ. |
| ૩ | ૧૧૫ | મોજે વરસામેડી તા.અંજારના જુના સર્વે નં.૬૭૬/૧ ના સને ૧૯૬૪–૬૫ થી ૧૯૭૫–૭૬ સુધીના ૭–૧૨ ની ખરીનકલ. |
| ૪ | ૧૧૬ | મોજે વરસામેડી તા.અંજારના જુના હકકપત્રક નોંધ નં. ૩૮૬ ની ખરીનકલ. |
| ૫ | ૧૧૭ | મોજે વરસામેડી તા.અંજારના જુના સર્વે નં.૬૭૬/૨ ના સને ૧૯૬૪–૬૫ થી ૧૯૭૫–૭૬ સુધીના ૭–૧૨ ની ખરીનકલ. |
| ૬ | ૧૧૮ | મોજે વરસામેડી તા.અંજારના જુના હકકપત્રક નોંધ નં. ૨૩૯ ની કોમ્પ્યુટરાઈઝડ નકલ. |
| ૭ | ૧૧૯ | મોજે વરસામેડી તા.અંજારના જુના હકકપત્રક નોંધ નં. ૪૬૨ ની કોમ્પ્યુટરાઈઝડ નકલ. |
| ૮ | ૧૨૦ | મોજે વરસામેડી તા.અંજારના સર્વે નં.૭૮૫ ના હાલના ગામ નમુના નં. ૭ ની કોમ્પ્યુટરાઈઝડ નકલ. |
| ૯ | ૧૨૧ | મદદનીશ કલેકટરશ્રી, અંજાર સમક્ષ ચાલેલ અપીલ નં. ૨/૨૦૦૭ ના કામે થયેલ હુકમની નકલ. તા.૧૯/૦૨/૨૦૦૯ |
| ૧૦ | ૧૨૨ | કલેકટરશ્રી, કચ્છ–ભુજ સમક્ષ ચાલેલ રીવીઝન નં. ૭૨/૨૦૧૦ ના કામે થયેલ હુકમની નકલ. |

| | | |
|---|---|---|
| | | તા.૨૦/૦૮/૨૦૧૨ |
| ૧૧ | ૧૨૩ | મોજે વર્સામેડી, તા. અંજારના નવા હકકપત્રક પર તા.૧૫/૧૨/૧૯૭૦ ના રોજ કરવામાં આવેલ નોંધ વાળા પેજની ખરીનકલ. |

(૭) ત્યારબાદ વાદી તરફે વિ.વ.શ્રી વાય.કે.પોટાની મૌખિક દલીલો સાંભળી તેમજ પ્રતિવાદી તરફે એ.જી.પી. શ્રી એ.પી.પંડયાની મૌખિક દલીલો સાંભળી. બંને પક્ષની દલીલોની ચર્ચા બિનજરૂરી પુનરાવર્તન અટકાવવા મુદ્દાના કારણોમાં કરેલ છે.

**-:: નિર્ણય માટેના કારણો ::-**

**(૮) આ કામે કાઢવામાં આવેલ મુદ્દાઓની ચર્ચા કરતા અગાઉ ભારતીય પુરાવા અધિનિયમની કલમ-૧૦૧ માં કરવામાં આવેલ જોગવાઈ ધ્યાને લેતા જો કોઈ વ્યકિત એમ ઈચ્છતો હોય કે તેણે પ્રતિપાદિત કરેલી હકીકતોની સાબિતીના અસ્તિત્વ ઉપર આધારિત કોઈ કાયદેસરના હક અથવા જવાબદારી વિષે કોઈ બીજું ન્યાયાલય ફેંસલો આપ, તો તેણે સાબિત કરવું પડશે કે તે હકીકતો અસ્તિત્વમાં છે. ઉપરોકત જોગવાઈ ધ્યાને લેતા આ અદાલત સમક્ષ વાદીએ દાખલ કરેલ દાવા અરજીમાં જણાવેલ હકીકત અંગે જયારે પ્રતિવાદીઓએ વાંધો, વિરોધ વ્યકત કરેલ હોય ત્યારે તેવી બાબતો વાદી દ્વારા હકારાત્મક રીતે પુરવાર થવી જાઈએ પરંતુ તે નકારત્મક રીતે ના સાબિત થવી જરૂરી નથી અને વાદીએ પોતાનો કેસ પોતાની રીતે પોતાના દસ્તાવેજોના આધારે શ્રેષ્ઠ પુરાવો રજુ કરી પુરવાર કરવો જોઈએ અને તે પ્રતિવાદીની નબળાઈનો લાભ લઈ શકે નહીં કારણ કે ભારતીય પુરાવા અધિનિયમ ની કલમ-૧૦૧નો પ્રારંભીક નિયમ અપરિવર્તન શીલ છે. જેથી કલમ-૧૦૨ મુજબ પ્રારંભીક બોજો હંમેશા વાદીના શીરે છે અને જો વાદી તેનું પાલન કરે અને પોતાનો દાવો હકારાત્મક રીતે સાબિત કરે ત્યારે પ્રતિવાદીના શીરે એવા સંજોગો પુરવાર કરવાનો બોજો તબદીલ થાય છે કે જેથી તે એવું**

**સાબીત કરી શકે કે વાદીએ તેના દાવા અરજીમાં માંગ્યા મુજબની દાદ માગવા માટે હકદાર નથી. ઉપરોક્ત મુજબની જોગવાઈ ધ્યાને લેતા કોઈ પક્ષકાર પોતાની તરફેણ માં ચુકાદો આવે તેવું ઈચ્છતો હોય ત્યારે તેવી હકીકત અને આક્ષેપ પુરવાર કરવા જરૂરી છે અને જેથી જ્યારે કોઈપણ પક્ષકાર પોતાના કબ્જામાં રહેલો શ્રેષ્ઠ પુરાવો રજુ કરેલ ન હોય ત્યારે પુરાવાનો બોજો ભલે બીજા પક્ષકારના શીરે હોય તો પણ આવો શ્રેષ્ઠ પુરાવો રજુ ન કરનાર પક્ષકારની વિરુદ્ધનું અનુમાન થાય તે મજબની જોગવાઈ ધ્યાને રાખી હાલના કામે નિર્માણ કરવામાં આવેલ મુદ્દા નંબર ૧ થી ૫ બાબતે અત્રેની અદાલતના રેકર્ડ ઉપર આવેવ પુરવા વંચાણે લઈ નીચે મુજબ વિગતવાર ચર્ચા કરવામાં આવેલ છે.**

(૯) <u>**મુદ્દા નં.૧ થી ૩ ની સંયુકત ચર્ચા –**</u>

આ કામે મુદ્દા નં. ૧ થી ૩ પુરવાર કરવાનો બોજો વાદી ઉપર રહેલ છે. આ કામે મુદ્દા નં. ૧ થી ૩ પોતે પુરવાર કરેલ હોવાનું જણાવી દાવા અરજીની હકીકત મુજબની દલીલો કરેલ છે અને દાવા અરજીના સમર્થનમાં માં આંક: ૨૨ થી ૪૦ સુધી તથા આંક: ૫૦ થી ૫૭ સુધી તથા આંક: ૭૩ થી ૮૨ સુધીના દસ્તાવેજી પુરાવા રજુ રાખેલ છે. હવે આ કામે મુદદા નં. ૧ અંગે રજુ થયેલ પુરાવો મુલવીએ તો, આ કામે વાદીની દાવા અરજીની મહત્વની તકરાર જ એવી છેકે, વાદીના પિતા સ્વ.ગગુભા જાડેજા મોજે વરસામેડીના જુના સર્વે નં.૬૭૬ પૈકી એકર ૨૨–૨૭ ગુંઠાવાળી જમીન કે જે ઉત્તરોતર દસ્તાવેજોથી સોરઠીયા ભુરા મેપાને અઘાટ માલીકી હક્કે અને પ્રત્યક્ષ કબ્જે આવેલી તે તા.૧૭/૦૨/૧૯૭૭ વાળા અને સબ–રજીસ્ટ્રારશ્રી અંજારની કચેરીમાં તે રોજ અનુ.નં.૩૧૧ થી નોંધાયેલા વેચાણ દસ્તાવેજથી અઘાટ વેંચાણ મેળવી પ્રત્યક્ષ કબ્જે મેળવેલ હતી.તેમજ સને–૧૯૬૦ ના અરસાના સમયે થયેલ પ્રમોલગેશન સમયે આ મિલકત પ્રથમ વાદીના પિતાને વેંચનાર ના પુર્વ માલિક નંદવાણા પાઠક પ્રભુલાલ પ્રાણજીવન તેમજ વાદીના પિતાને

વેંચનાર હડીયા ભુરા મેપાને નામે નોંધવામાં આવેલ હતી. પરંતુ સને–૧૯૭૬ ની આજુબાજુ પ્રમોલગેટ કરવામાં આવેલ રેવન્યુ રેકર્ડમાં આ મિલકત તે જૂના સર્વે નં.૬૭૬/૧ તથા ૬૭૬/૨ વાળાના અલગ અલગ નવા સર્વે નંબર આપવામાં આવેલ જે પૈકી આ દાવાવાળો વાદગ્રસ્ત ભાગ કે જેને સર્વે નં.૭૮૫ આપી તેનું ક્ષેત્રફળ હેક્ટર નક્કી કરવામાં આવેલ તેમા વાદીના પિતાને વેંચનાર કે ત્યારબાદ વાદીના સ્વ.પિતાનો હક્ક અને કબ્જો હોવા છતાં આ નવા સર્વે નં.૭૮૫ વાળી મિલકત તેઓના નામે નોંધવામાં આવેલ ન હતી.આ મિલકત કોઈપણ સમયે સરકારી માલીકી કે કબ્જાની ન હતી. પરંતુ પ્રતિવાદી નં.૧ ના તાબાના અધિકારીઓ તરફથી કરવામાં આવેલ હક્ક ચોક્સી સમયે ધ્યાન દોરવા છતાં તેમજ વર્ષો વર્ષ પ્રતિવાદી નં.૪ વાળા તરફથી કબ્જા બાબતની સ્પષ્ટપણે નોંધ કરવામાં આવેલ હોવા છતાં વાદીના પિતા સ્વ.રવુભા ગગુભા જાડેજાના હક્કને રેકેગ્નાઈઝ કરવામાં આવેલ નથી. તેથી આ ભુલ સુધારણા માટે પ્રતિવાદી નં.૩ વાળા સમક્ષ બોમ્બે લેન્ડ રેવન્યુ કોડ ૧૮૭૯ ની કલમ–૧૩૫–એલ ની જોગવાઈઓ તળે અરજી કરતા પ્રતિવાદી નં.૩ વાળા તરફથી જ.મ. કા.૧૩૫–એલ તળે અપીલ નં.૨/ ૨૦૦૭ ના કામે યોગ્ય પુરાવાની તક આપ્યા સિવાય ક્રિપ્ટીક ઓર્ડર તા.૧૯ /૦૨ /૨૦૦૯ વાળાથી પ્રતિવાદી નં.૩ તરફથી અરજી નામંજુર કરવામાં આવેલ હતી. ઉપરોક્ત હુકમથી નારાજ થઈ વાદીના સ્વર્ગસ્થ પિતાએ પ્રતિવાદી નં.૨ વાળા સમક્ષ જમીન મહેસુલ નિયમોના નિયમ ૧૦૮(૬) તળે કેસ નં.૭૨/૨૦૧૦ રજીસ્ટરે લેવામાં આવેલ અને પ્રતિવાદી નં.૨ તરફથી પણ તદ્દન ખોટા અને ઈરરીલેવન્ટ કારોસર સદરહું રીવીઝન અરજી તા.૨૦ /૦૮ /૨૦૧૨ ના રોજ નામંજુર કરતો હુકમ પસાર કરેલ. આમ પ્રતિવાદી નં.૨,૩ વાળા દ્વારા તદ્દન માઈન્ડ એપ્લાય કર્યા સિવાય તેમજ કોઈપણ પ્રકારની ન્યાયીક તક આપ્યા સિવાય માંગણી નામંજુર કરવામાં આવેલ હોય વાદીએ હાલનો દાવો કરવાની જરૂર પડેલ છે.

હવે વાદીએ આ કામે મોજે વરસામેડીના સર્વે નં.૭૮૫ વાળી જમીન

તેમના પિતાએ વેચાણથી મેળવેલી અને તેઓની અઘાટ માલીકી અને પ્રત્યક્ષ કબ્જા અને જાત ખેડ તળેની આવેલ હોવાનું ઠરાવી લેવા અને પ્રતિવાદી નં.૨ તરફથી તૈયાર કરવામાં આવેલ પ્રમોલગેનનું દફતર ભુલ ભરેલું હોવાનું ઠરાવી લેવા અને તે મુજબ રેવન્યુ રેકર્ડમાંલ ભુલ સુધારણા કરી આપવા ની દાદ માંગેલ છે.

હવે વાદીએ આ કામે રજુ રાખેલ દસ્તાવેજી પુરાવો જોઈએ તો જ્યારે તેઓ માલીકી હક્ક કલેઈમ કરતા હોય ત્યારે કાયદાના પ્રસ્થાપિત સિદ્ધાંત મુજબ રેવન્યુ રેકર્ડમાં પડેલી એન્ટ્રીઓ એ ટાઈટલ નક્કી કરવા માટેનો માલીકીનો પુરાવો નથી. તે માત્ર ફિસ્કલ પરપઝ માટે ધ્યાને લેવાનું રહે છે. હવે આ કામે વાદીના વડીલે વેચાણ દસ્તાવેજથી જમીન ખરીદ કરેલ હોવાનું દર્શાવતા વાદી આંક–૩૦ થી રજી.વેચાણ દસ્તાવેજ નં.૪૦૩ ની કમ્પેર નકલ રજુ રાખેલ છે જે વંચાણે લેતાં તા.૨૯/૦૩/૧૯૬૮ ના રોજ સોરઠીયા શાંખે હડીયા ભુરા મેપા નાઓ દ્વારા સ્વ.નંદવાણા પ્રભુલાલ પ્રાણજીવન ના વારસો દોલતરામ પ્રભુલાલ પાસેથી આ જમીન ખરીદ કરેલ હોવાનું આ વેચાણ દસ્તાવેજ છે. હવે તેના સર્વે નંબર વંચાણે લેતાં મોજે અંજારના વરસામેડીની આથમણી સીમમાં સર્વે નં.૬૭૬/૧ વાળું આશરે ૮ એકરનું ખેતર જે ૩ હેક્ટર અને ૨૪–૦૦ આરે વાળા ખેતરનો આ વેચાણ દસ્તાવેજ હોવાનું જણાય છે.

ત્યારબાદ વાદી તરફે આંક–૩૧ થી રજી.વેચાણ દસ્તાવેજ નં.૩૧૧ ની કમ્પેર નકલ રજુ કરવામાં આવેલ જે વંચાણે લેતા તા.૧૭/૦૨/૧૯૭૭ ના રોજ વાદીના વડીલ જાડેજા રવુભા ગગુભા તથા જાડેજા બાલુભા ગગુભા નાઓ દ્વારા સોરઠીયા શાંખે હડીયા ભુરા મેપા નાઓ દ્વારા જમીન ખરીદી કર્યા અંગે આ સને–૧૯૭૭ નો વેચાણ દસ્તાવેજ છે. હવે તેના સર્વે નંબર વંચાણે લઈએ તો **ગામશ્રી વરસામેડીની આથમણી સીમે જેના જુના સર્વે નંબર ૬૭૬/૧ અને તેના નવા નં.૭૮૩ જમીન એકર–૬–૨૭ ગુંઠા તથા નં.૭૮૪ એકર ૦–૩૩ ગુંઠા તેમજ જુના સર્વે નં.૬૭૬/૨ પૈકીના નવા નં.૭૮૫ એકર ૧૧–૧૨ ગુંઠા તેમ જુના સર્વે નં.બે અને નવા સર્વે નં.ત્રણ મળી આખુ એક જ**

**ખેતર એકર–૨૦–૩૨ ગુંઠાનું છે. તે આ ખેતર વચ્ચેથી રેલ્વે લાઈન બે પસાર થતાં ઉપર મુજબ નંબરવાળા ખેતરના ત્રણ પાના થઈ ગયેલા છે તે રીતનું આ ખેતર છે.** જે ખેતર રૂ.૪,૦૦૦/– ના અવેજમાં ખરીદેલ હોવાનું અને તે રીતનું જમીનનું વર્ણન આ દસ્તાવેજમાં લખેલ હોવાનું જણાઈ આવે છે.

આમ, આંક–૩૦ વાળો વેચાણ દસ્તાવેજ વંચાણે લેતાં વાદીના વડીલોએ જેમની પાસેથી જમીન ખરીદેલ તે સોરઠીયા શાંખે હડીયા ભુરા મેપા નાઓ નો આંક–૩૦ વાળો સને–૧૯૬૮ નો આ જમીન ખરીદ્યા અંગેનો વેચાણ દસ્તાવેજ માત્ર સર્વે નં.૬૭૬/૧ વાળો આશરે ૮ એકર જેના ક્ષેત્રફળ આશરે ૩ હેક્ટર અને ૨૪–૦૦ આરે છે. જ્યારે આંક–૩૧ નો વાદીના વડીલોએ સોરઠીયા શાંખે હડીયા ભુરા મેપા નાઓ પાસેથી સને–૧૯૭૭ માં ખરીદેલ આ જમીનનો વેચાણ દસ્તાવેજ વંચાણે લેતાં તેમાં સ્પષ્ટપણે જુના **સર્વે નં.૬૭૬/૧ ના નવા નં.૭૮૩ જમીન એકર–૬–૨૭ ગુંઠા તથા નં.૭૮૪ એકર ૦–૩૩ ગુંઠા છે તેવો ઉલ્લેખ છે.** હવે વાદીના વડીલોએ જેમની પાસેથી જમીન ખરીદેલ તે હરીચા ભુરા મેપાનો ખરીદીનો વેચાણ દસ્તાવેજ જ્યારે માત્ર સર્વે નં.૬૭૬/૧ નો હોય અને તેના નવા સર્વે નં.૭૮૫ થયેલા નથી અને વાદી તરફે રજુ આ આંક–૩૧ ના પોતાના રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજમાં **જુના સર્વે નં.૬૭૬/૨ પૈકીના નવા નં.૭૮૫ એકર ૧૧–૧૨ ગુંઠા થયેલ હોવાનો ઉલ્લેખ છે.**

વધુમાં પ્રતિવાદી તરફે આંક–૧૧૪ થી રજુ નોંધ નં.૨૬૨ વંચાણએ લેતાં આ સને–૧૯૬૮ ના રજી.વેચાણ દસ્તાવેજના આધારે હડીયા ભુરા મેપાના નામે સને–૧૯૭૦ માં પડેલી આ નોંધ પણ સર્વે નં.૬૭૬/૧ ની છે અને આંક–૧૧૫ થી રજુ ગામ નમુના નં.૭ અને ૧૨ મા પણ સ.નં.૬૭૬/૧ ના માલીક કબ્જેદાર તરીકે ભુરા મેપાનું નામ જણાઈ આવે છે. તેમજ આંક–૧૧૮ થી રજુ નોંધ નં.૨૩૯ ની નકલ વંચાણે લેતાં ભુરા મેપા સોરઠીયાના સને–૧૯૬૮ ના રજી.વેચાણ દસ્તાવેજના આધારે ફેરફાર થયેલ સર્વે નં.૭૮૩ અને ૭૮૪ હોવાનું જણાય છે. આમ, તેમા સર્વે નં.૭૮૫ નો વાદી જણાવ છે

તેવો સર્વે નંબર નો કોઈ ઉલ્લેખ નથી. આમ, વાદી જણાવે છે તેવા સર્વે નં.૭૮૫ ના જુના સર્વે નં.૬૭૬/૧ હોય તેવો પુરાવો આ કામે રજુ થયેલ નથી ત્યારે વાદીએ સર્વે નં.૭૮૫ વાળી તેમના પિતાએ વેચાણ મેળવેલી અને તેમના પિતાની અઘાટ માલીકીની આ જમીન હોવાની જે રજુઆત કરેલ છે તે રજુઆતો સાચી હોવાની જણાઈ આવતી નથી.

વધુમાં વાદી તરફે આંક–૪૫ થી સાહેદ જીવા કરશન રબારી નું પુરાવાનું સોગંદનામું રજુ થયેલ છે પરંતુ તેઓ ઉલટ તપાસમાં ગજુભા રવુભા જાડેજાની દાવાવાળી મિલ્કતના સર્વે નંબરની તેમને ખબર નથી કે તેવા કોઈ આધારો તેમને જોયેલા નથી કે વાદવાળી જમીન તેમને ખેડેલી હોય તેવા આધારો ગજુભાને આપેલા નથી કે આ કામે રજુ રાખેલા નથી તેમ જણાવે છે.

વધુમાં વાદી તરફે આંક–૪૬ થી સાહેદ દિનેશ હરીલાલ ભટ્ટીનુ પુરાવાનું સોગંદનામું રજુ થયેલ છે. તેઓ ઉલટ તપાસમાં દાવાવાળી ગજુભા રવુભા જાડેજાની મિલ્કતના સર્વે નં.૭૮૫ ના ૭/૧૨ વિગેરેના આધારો જોયેલા નથી અને સને–૨૦૦૯ પહેલા સર્વે નં.૭૮૫ વાળી વાદવાળી જમીનની શું પરિસ્થિતિ હતી તે હું કહી શકું નહી તેમ જણાવે છે. તેમજ વાદી તરફે આંક–૫૮ થી સાહેદ જયેન્દ્રસિંહ બટુકસિંહ જાડેજાનું પુરાવાનું સોગંદનામું રજુ થયેલ છે તેઓ આ કામના વાદી ગજુભા તેમના મોટા બાપાના દિકરા થાય છે અને દાવાવાળી મિલ્કત હાલે શ્રી સરકાર થઈ ગયેલ છે તેવી હકીકત સ્વીકારેલ છે. જેથી ઉપરોક્ત તમામ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો ધ્યાને લેતાં વાદીએ આ જુના સર્વે નંબર ૬૭૬/૧ ના નવા સર્વે નં.૭૮૫ થયેલા હોય તે બતાવતુ હાલીમાજીપત્રક કે અન્ય કોઈ દસ્તાવેજી પુરાવો રજુ રાખેલ નથી તેમ સ્પષ્ટ થાય છે. તેવા સંજોગોમાં જુના સર્વે નંબર ૬૭૬/૧ ના નવા સર્વે નં.૭૮૫ થયેલા હોય તે બાબતે તથા આંક–૩૦નો વેચાણ દસ્તાવેજ સર્વે નં.૬૭૬/૧ નો હોય અને વાદીએ પોતે રજુ રાખેલ આંક–૩૧ ના વેચાણ દસ્તાવેજમાં જુના સર્વે નં.૬૭૬/૧ ના નવા સર્વે નં.૭૮૩ અને ૭૮૪ થયેલા છે તેવો ઉલ્લેખ છે. તેના નવા સર્વે નં.૭૮૫ થયેલા હોય તેવો

ઉલ્લેખ નથી ત્યારે આ વિસંગતતા બાબતે રેવન્યુ ઓથોરીટી સમક્ષ કરેલ કાર્યવાહીઓ અંગેનો પુરાવો જોઈએ તો, વાદીએ પોતે આંક–૮૦ થી મદદનીશ કલેક્ટરશ્રી અંજાર સમક્ષ જમીન મહેસુલ કાયદાની કલમ–૧૩૫ એલ તળે કરેલ અપીલ નં.૨/૨૦૦૭ નો તા.૧૯/૦૨/૨૦૦૯ નો હુકમ રજુ રાખેલ છે. જે વંચાણે લેતાં રવુભા ગગુભા જાડેજા એટલે કે હાલના વાદીના પિતાએ અંજારના જુના સર્વે નં.૬૭૬ ના નવા સર્વે નં.૭૮૫ ની જમીન એકર–૧૧–૧૨ ગુંઠા ની હક્કપત્રક નોંધ નં.૪૬૨ વાળી ભુલથી રેવન્યુ રેકર્ડમાં દાખલ થયેલ હોય દુર થવા આ અપીલ કરેલ છે. રેવન્યુ ઓથોરીટી સમક્ષ તેઓએ આ અપીલ અન્વયે હાજર રહી કાર્યવાહી કરેલ છે અને તેમાં તેમનો ખરીદીનો ૧૯૭૭ વોળો દસ્તાવેજ રજુ રાખેલ છે. જે હુકમમા પણ નાયબ કલેક્ટરશ્રીએ **"રેકર્ડ તથા અરજદારની દલીલો જોતાં જુના સ.નં. ૬૭૬/૧ ના નવા સ.નં.૭૮૩,૭૮૪ થયેલ છે તેમજ સ.નં.૬૭૬/૨ ના નવા સ.નં.૭૮૫ થયેલ છે તેમજ જુના સ.નં.૬૭૬/૨ જુની હક્કપત્રક નોંધ નં.૩૮૬ થી શ્રી સરકાર ખાતામાં છે જેના નવા સ.નં.૭૮૫ નવી પ્રમોલગેશન નોંધ નં.૪૬૨ થી શ્રી સરકાર ખાતે છે અને ભુરા મેમા તરફથી દબાણ લખેલ છે. આમ, જુના પ્રમોલગેશન વખતથી જ જમીન શ્રી સરકાર ખાતામાં છે. જેમની માલીકીના કોઈ આધારો રજુ થયેલ નથી. જે દસ્તાવેજો રજુ કરેલા છે અને જેમની પાસેથી જમીન રજીસ્ટર્ડ દસ્તાવેજથી ખરીદેલ છે તેમનું નામ રેવન્યુ રકર્ડમાં નથી. જેથી અરજદારની રજુઆત યોગ્ય નથી. જેથી સ.નં. ૭૮૫ જે સરકારી ખાતામાં નોંધ નં.૪૬૨ છે જેમાં ફેરફાર કરવો ઉચીત જણાતો ન હોય તેમ ઠરાવી અપીલ નામંજુર કરવામાં આવેલ છે."**

તેવા મતલબની હકીકત આ હુકમમા લખેલ હોવાનું જણાઈ આવે છે. આમ, આ કામે વાદી તરફે રજુ આંક–૩૦ અને આંક–૩૧ ના વેચાણ દસ્તાવેજો ઉપરથી સ્પષ્ટપણે જણાઈ આવે છે કે, આ કામના વાદીના વડીલ ને વેચાણ કરનાર સોરઠીયા શાંખે હડીયા ભુરા મેપા નાઓનો સને–૧૯૬૮ નો વેચાણ દસ્તાવેજ સર્વે નં.૬૭૬/૧ નો હતો અને ત્યારબાદ સોરઠીયા

શાંખે હડીયા ભુરા મેપા નાઓ પાસેથી વાદીના વડીલોએ ખરીદેલ જમીનના આંક–૩૧ ના વેચાણ દસ્તાવેજમાં સ્પષ્ટપણે જુના સર્વે નં.૬૭૬/૧ ના નવા સર્વે નં.૭૮૩ તથા ૭૮૪ થયેલા અને જુના સર્વે નં.૬૭૬/૨ પૈકીના નવા સર્વે નં.૭૮૫ થયેલા છે. તેમ લખેલ છે. આમ, વાદીના વડીલોને જમીન વેચાણ આપનાર સોરઠીયા શાંખે હડીયા ભુરા મેપા નાઓની ઓરીજનલ સને ૧૯૬૮ ના વેચાણ દસ્તાવેજ અન્વયેની જમીન જ જ્યારે જુના સર્વે નં.૬૭૬ /૧ ની હોય અને વાદી જણાવે છે તેવી નવા સ.નં.૭૮૫ વાળી જમીનના જુના સર્વે નં.૬૭૬/૨ હોય ત્યારે વાદીના જણાવ્યા અનુસાર નવા સર્વે નંબર ૭૮૫ વાળી જમીન કે જેના જુના સર્વે નં.૬૭૬/૨ છે તે જમીન સોરઠીયા શાંખે હડીયા ભુરા મેપા નાઓ પાસેથી વેચાણ દસ્તાવેજ અન્વયે વાદીના વડીલોએ ખરીદેલ હોવાનું રેકર્ડ ઉપરથી પુરવાર થતુ નથી.

હવે વાદી વ.શ્રી એ આ કામે આંક: ૨૯ થી ગીરોનું લખાણ રજુ કરી તેની ઉપર આધાર રાખી આ મીલકત સને ૧૯૬૮ પહેલાથી સંવત ૧૯૨૮ ના આ ગીરો થી ભુરા મેપા પાસે આવેલ હોવાની દલીલો કરેલ છે અને આંક: ૨૬ થી રજુ ખેતરવાર પત્રક ઉપર આધાર રાખી દલીલો કરેલ છે. પરંતુ વાદીના વડીલોએ ખરીદેલ જમીનના આંક–૩૧ ના વેચાણ દસ્તાવેજમાં સ્પષ્ટપણે જુના સર્વે નં.૬૭૬/૧ ના નવા સર્વે નં.૭૮૩ તથા ૭૮૪ થયેલા અને **જુના સર્વે નં.૬૭૬/૨ પૈકીના નવા સર્વે નં.૭૮૫ થયેલા છે. તેમ વંચાય છે. ત્યારે આ ગીરોની જમીન ના નવા સર્વે નં.૭૮૫ થયેલા છે. તેમ વાદી બતાવી શકેલા નથી. જેથી માત્ર આંક: ૨૬ થી રજુ ખેતરવાર પત્રક ઉપર આધાર રાખી આ જમીન નવા સર્વે નં.૭૮૫ વાળી જમીન છે. તેમ વાદીએ પુરવાર કરી શકેલા હોવાનું માની શકાય નહીં.** જેથી આ કામે ડેપ્યુટી કલેક્ટરશ્રી તથા કલેક્ટરશ્રીએ કરેલ હુકમ કે જે આ કામે આંક–૮૦ અને આંક–૮૧ થી રજુ છે તે બન્ને હુકમ યોગ્ય રીતે કરવામાં આવેલ હોવાનું જણાય છે તેથી દાવાવાળી સર્વે નં.૭૮૫ વાળી જમીનના વાદી ગગુભા સુમરાજીના વારસ પુત્ર તરીકે માલીકી હક્ક અને પ્રત્યક્ષ કબજે આવેલ હોવાની મુદ્દા નં.૧ મુજબની હકીકત

તથા આ મિલકત મોરગેજની અધિકારથી ભુરા મેપાના માલીકી સ્વરુપમા રુપાંતર થતા તેઓ કનેથી વાદીના પિતાએ રજીસ્ટર્ડ વ્યવહારથી આઘાટ વેચાણ હક્કથી મેળવેલ હોવાની મુદ્ધા નં.૨ મુજબની હકીકત તથા આ મિલકત બાબતે પ્રતિવાદી નં.૨ તથા ૩ વાળા તરફથી કરવામા આવેલ હુકમ ખરા કે કાયદેસરના નથી તેવી મુદ્ધા નં.૩ મુજબની હકીકત વાદી પુરવાર કરી શકેલા નથી તેવી પ્રતિવાદી તરફે વિ. એ.જી.પી.શ્રીની દલીલો સાથે હું સંમત થાઉ છું અને તે અનુસાર **મુદ્ધા નં.૧ થી ૩ નો જવાબ નકારમાં આપું છું.**

## (૧૦) મુદ્ધા નં.૪ અને ૫ ની સંયુક્ત ચર્ચાઃ-

આ કામે  વાદી મુદ્ધા નં. ૧ થી ૩ મુજબની દાવાવાળા સ.નં.૭૮૫ વાળી જમીનના તેઓના માલીકી- કબજાની હકીકત તથા આ મિલકત બાબતે પ્રતિવાદી નં.૨ તથા ૩ વાળા તરફથી કરવામા આવેલ હુકમ ખરા કે કાયદેસર ના નથી તેમ પુરવાર કરી શકેલા ન હોય તથા પ્રતિવાદી નં.૨ તથા ૩ વાળા તરફથી તૈયાર કરવામાં આવેલ નવા પ્રમોલગેશનનું દફતર ભુલ ભરેલ હોવાનું પણ વાદી પુરવાર કરી શકેલા નથી ત્યારે વાદી સ.નં.૭૮૫ વાળી જમીનના રેવન્યુ રેકર્ડમાં સુધારો કરવાની કે માંગ્યા મુજબની કોઈપણ દાદ મેળવવા હક્કદાર થતા નથી જેથી વાદીને માંગ્યા મુજબની કોઈ દાદ આપી શકાય નહી તેમ મારૂ માનવું છે. જેથી તે અનુસાર  વાદી મુદ્ધા નં. ૪ પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલાનું મારુ માનવું છેતેમ ઠરાવી  મુદ્ધા નં. ૪ નો જવાબ નકારમાં આપવામાં આવે છે અને મુદ્ધા નં. ૫ પરત્વે નીચે મુજબનો આખરિ હુકમ કરવામાં આવે છે.

## -:: આખરી હુકમ ::-

(૧)  વાદીનો દાવો આથી **નામંજુર યાને રદ** કરવામાં આવે છે.

*બીજા અધિક સીનીયર સીવીલ જજ,અંજાર-કચ્છ.*

(૨) દાવાનો ખર્ચ પક્ષકારોએ જાતે ભોગવવાનો રહેશે.

(૩) હુકમ મુજબનું હુકમનામું દોરવું.

હુકમ આજરોજ તારીખઃ ૨૪ મી ,માહે:એપ્રિલ,સને-૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ:૨૪/૦૪/૨૦૨૬
સ્થળ: અંજાર-કચ્છ

**(એસ.ડી.ત્રિપાઠી)**
બીજા અધિક સીનીયર સીવીલ જજ,
અંજાર-કચ્છ.
જજ કોડ: જી.જે.૦૧૪૦૨.

//એચ.એન.ભાવસાર//